રજા અને પેન્શનનાં હેતુસર
સેવા સળંગ ગણવા બાબત

ગુજરાત સરકાર

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

પરિપત્ર ક્રમાંક: સીએલઇ-૧૦૨૦૨૦-૪૯૭૦૪૧-મ(૧)

તા.૨૪/૦૨/૨૦૨૨

વંચાણે લીધા:

1. નાણા વિભાગનો તા.૦૩/૦૭/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૯૭/૮૩૦/પી.
2. નાણા વિભાગનો તા.૨૯/૦૮/૨૦૦૩ નો પરિપત્ર ક્રમાંક: પરચ/૨૦૦૨/યુ.ઓ.-૧૦૦૭/પી.
3. નાણા વિભાગનો તા.૦૬/૦૯/૨૦૦૫ નો સુધારા ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ-૧૦/પી.
4. નાણા વિભાગનો તા.૧૦/૦૪/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ-૧૦/પી.
5. નાણા વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૧/ડીર૪૫/(૧૦૯૬/૨૦૧૪)/પી.
6. નાણા વિભાગનો તા.૦૯/૧૦/૨૦૧૯ નો પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/ઓ.૮૦૮/પી.

પરિપત્ર:

સરકારી કર્મચારીઓ / અધિકારીઓ દ્વારા કેન્દ્ર કે રાજ્ય સરકારમાં કે તેની હસ્તકની કોઇ પણ કચેરીમાં અગાઉ બજાવેલ નિયમિત સેવાઓને તેમની હાલની રાજ્ય સરકારની નિયમિત સેવા સાથે રજા અને પેન્શનનાં હેતુસર જોડવા માટે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ – ૧ થી ૬ ના નાણા વિભાગના પરિપત્રોથી જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. જે અનુસાર કર્મચારીઓ / અધિકારીઓની વર્તમાન નિયમિત સેવા સાથે તેઓની અગાઉની નિયમિત સેવા રજા અને પેન્શનનાં હેતુસર જોડવા માટે નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે.

તા.૦૧/૦૪/૨૦૦૫ કે ત્યારપછી સરકારી સેવામાં જોડાયેલ કર્મચારીઓને નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડે છે. આ સંજોગોમાં તા.૦૧/૦૪/૨૦૦૫ કે ત્યારપછી સરકારી સેવામાં જોડાયેલ કર્મચારી અગાઉની સેવામાં GPF એકાઉન્ટ ધરાવતા હોય તો પણ સેવા સળંગની મંજૂરી ન મળે ત્યાં સુધી GPF ની કપાત કરવાની થતી નથી. આમ છતાં કેટલાક કિસ્સાઓમાં સેવા સળંગની મંજૂરી ન મળી હોવા છતાં GPF ની કપાત ચાલુ રાખવામાં આવે છે. જે નિયમોનુસાર નથી. આથી, આ બાબતે જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આથી, પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) સરકારી કર્મચારીઓ / અધિકારીઓ દ્વારા કેન્દ્ર કે રાજ્ય સરકારમાં કે તેની હસ્તકની કોઇ પણ કચેરીમાં અગાઉ બજાવેલ નિયમિત સેવાઓને તેમની હાલની રાજ્ય સરકારની નિયમિત સેવા સાથે રજા અને પેન્શનનાં હેતુસર જોડવા માટે નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

(૨) તા.૦૧/૦૪/૨૦૦૫ કે ત્યારપછી રાજ્ય સરકારની સેવામાં જોડાયેલ કર્મચારી અગાઉની સેવામાં GPF એકાઉન્ટ ધરાવતા હોય તો પણ અગાઉની સેવાને હાલની સેવા સાથે જોડી, સેવા સળંગની મંજૂરી ન મળે ત્યાં સુધી GPF ની કપાત કરવાની રહેશે નહી, સેવા સળંગની મંજૂરી મળે ત્યારબાદ જ GPF ની કપાત કરવાની રહેશે.

(3) આ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા આથી સર્વે ખાતાના વડાની કચેરીઓને જણાવવામાં આવે છે. જો કોઇ કિસ્સામાં ઉપર્યુક્ત સૂચનાઓથી વિરુદ્ધ GPF કપાત ચાલુ રાખવામાં આવશે તો તેના પરિણામે ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે GPF કપાત કરનાર કચેરીના સક્ષમ સતાધિકારીની અંગત જવાબદારી રહેશે. તે બાબત પરત્વે પણ ધ્યાન દોરવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અજિત માવાણી)
ઉપસચિવ (શ્રમ)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

પ્રતિ,

1. શ્રમ આયુક્તશ્રી, ગુ.રા., શ્રમ આયુક્તની કચેરી, ગુ.રા., ગાંધીનગર.
2. નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, નિયામાકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, શ્રમ ભવન, અમદાવાદ.
3. નિયામકશ્રી, બોઇલરો, નિયામકશ્રી, બોઇલરોની કચેરી, મંજુશ્રી મિલ કંપાઉન્ડ, અસારવા, અમદાવાદ.
4. સર્વે કચેરીઓ (શ્રમ આયુક્તની કચેરી / નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી મારફત)
5. સેક્શન અધિકારીશ્રી (પી શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. ટેકનિકલ અધિકારીશ્રી (IT Cell), શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની વેબસાઇત પર પ્રસિદ્ધ કરવા સારૂ.
7. સિલેક્ટ ફાઈલ - શાખા / નાયબ સેક્શન અધિકારી - ૨૦૨૨.